# કોલવડામાં આચાર્યના ટોર્ચરીંગથી કંટાળી ગયેલો શિક્ષક લાપતા

## 'આચાર્યના ત્રાસથી કંટાળી ગયો છુ એટલે હુ જતો રહું છુ, ગાડી ઈન્ફોસીટી મુકી છે, લઈ લેજો' : શિક્ષકે માતાને ફોન કર્યો ત્યારબાદ મોબાઈલ ગાડીમાં મુકી શિક્ષક ગાયબ : પેથાપુર પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં સ્થિત કોલવડાની સરકારી પ્રાથમિક શાળામાં વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. આ કિસ્સાએ સમગ્ર શિક્ષણ આલમમાં ચકચાર મચાવી છે. શાળાના આચાર્યના ટોર્ચરીંગથી કંટાળી ગયેલો ૨૫ વર્ષનો શિક્ષક લાપતા થઈ ગયો છે. ગઈ સાંજે ઈન્ફોસીટી પાસે જઈને માતાને ફોન કર્યા બાદ મોબાઈલ ગાડીમાં મુકીને ગાડી લોક કરી શિક્ષક ગુમ થઈ જતા આ મામલે પેથાપુર પોલીસમથકમાં શિક્ષકના ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવા પામી છે. પેથાપુર પોલીસ ઈન્ફોસીટીના સીસીટીવી કુટેજ ચકાસી શિક્ષકની શોધખોળ શરૂ કરી છે. તો બીજી તરફ શિક્ષકના પરિવારજનો ઘેરી ચિંતામાં મુકાઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોલવડા ગામમાં આવેલી સરકારી પ્રાથમિક શાળા (પગાર કેન્દ્ર)માં નોકરી કરતાં અને સરગાસણ પાસે તીર્થ રેસીડેન્સીમાં રહેતા ૨૫ વર્ષિય શિક્ષક હાર્દિક ભરતભાઈ પ્રજાપતિએ ગઈકાલે સાંજે ઈન્ફોસીટી જઈને ગાડી રોયલ લુક દુકાન સામે પાર્ક કરી તેમની માતાને ફોન કર્યો હતો. મારા આચાર્યના ટોર્ચરીંગ અને ત્રાસથી હુ કંટાળી ગયો છુ એટલે હુ જતો રહુ છુ, ગાડી ઈન્ફોસીટી મુકી છે ત્યાંથી લઈ લેજો... માતા સાથે ફોન પર આટલી વાત કરીને હાર્દિક પ્રજાપતિએ ફોન કાપી સ્વિચ ઓફ કરી દીધો અને ગાડીમાં ફોન મુકી બહારથી લોક કરીને ક્યાંક ચાલ્યો ગયો હતો. શિક્ષકના પરિવારજનો ચિંતાતુર થઈ ગયા અને ઈન્ફોસીટી પહોંચ્યા તો ગાડી બિનવારસી પડેલી હતી. ચિંતિત પરીવારજનોએ પેથાપુર પોલીસને અરજી આપતા પીએસઆઈ ડી.બી. વાળાએ સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરીને શિક્ષકની શોધખોળ શરૂ કરી દીધી છે. મળતી માહિતી મુજબ આચાર્ય શિક્ષક સંઘના નેતા છે.

## સ્વર્ણિમ પાર્ક બાદ હવે ઈન્ફોસીટી બન્યું બાઈક રેસીંગનું મેદાન

ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક રોડ પર રાત્રિના સમયે ધૂમ-બાઈકીંગ કરી ભયનો માહોલ પેદા કરનાર બાઈકર્સ ગેંગ પ્રત્યે પોલીસે લાલ આંખ કરી છે તે આવકારદાયક છે. જો કે નગરમાં અનેક સ્થળો એવા છે જ્યાં હજુ પણ કેટલાક નબીરાઓ જાહેર સ્થળને તેમની બાઈકના રેસનું મેદાન સમજે છે. આ સ્થળોમાંનું એક છે ઈન્ફોસીટી સુપરમોલ. અહીં દિવસ દરમ્યાન ઘણી વખત અને સાંજે તેમજ રાત્રિના સમયે કેટલાક નબીરાઓ યુવતીઓ પર 'રોલા' પાડવાના જોશમાં બાઈક રેસીંગ કરતા હોય છે. વળી, આ બાઈકર્સ તેમના બાઈકના અવાજ એટલા મોટા રાખે છે જેના કારણે સમગ્ર વિસ્તારમાં ધ્વનિ પ્રદૂષણ સાથે ભયનો માહોલ સર્જાઈ જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે અહીં ઈન્ફોસીટી પોલીસ ચોકી આવેલી હોવા છતાં આ બાઈકર્સ બેરોકટોક તોફાન કરતા જોવાયા છે, ઘણી વાર તો ચ-૦ થી ઘ-૦ના માર્ગ પરના રેસીંગ અને બાઈકના સ્ટંટ કરતા નજરે ચઢે છે.

# યોગમય અવનીના સ્પેશ્યલ દોરડા યોગ

## આગામી તમિલ ફિલ્મ 'સ્ટ્રોબેરી'માં અવની મોદી ખાસ પ્રકારના રોપ યોગ કરતી દેખાશે : રોપ યોગ માટે સ્પેશ્યલ ટ્રેનીંગ મેળવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની દિકરી અભિનેત્રી અવની મોદી તેની



આગામી તમિલ ફિલ્મ 'સ્ટ્રોબેરી'માં ખાસ પ્રકારના રોપ યોગ કરનાર છે. રોપ યોગમાં છત પર દોરડુ લટકાવીને તેના સહારે શરીરને સમતોલ કરી યોગ કરવામાં આવે છે. આ યોગ માટે અવનીએ ખાસ પ્રકારની તાલીમ પણ મેળવી છે.

બોલીવુડના મશહુર સર્જક મધુર ભંડાકરની આગામી ફિલ્મ 'કેલેન્ડર ગર્લ્સ'થી બોલીવુડમાં પદાર્પણ કરવા જઈ રહેલ ગાંધીનગરની અવની મોદી તેની દક્ષિણના નિર્દેશક પા. વિજયની તમિલ ફિલ્મ 'સ્ટ્રોબેરી'માં ખાસ પ્રકારના રોપ યોગને પ્રમોટ કરી રહી છે. આ રોપ યોગ માટે અવનીએ સ્પેશ્યલ તાલીમ પણ મેળવી છે. અવનીના મતે બધાજ યોગમાં રોપ યોગ એ ભાગ્યેજ જોવા મળતો યોગનો પ્રકાર છે, જેમાં દોરડાને છત સાથે લટકાવી દોરડા પર શરીરને સમતોલ કરી યોગ કરવામાં આવે છે. આ યોગનો ઉપયોગ એકદમ મગ્ન થઈ જવા અને પીઠના દુખાવાની સારવાર માટે કરવામાં આવે છે. આ યોગ પીઠના મણકાને હળવા કરી સાંધાને ખુલ્લા કરે છે, સ્નાયુઓ અને અંતઃસ્ત્રાવને મજબૂત બનાવે છે.

અવનીએ જણાવ્યું છે કે તે યોગ, પ્રાણાયામ અને ધ્યાનમાં બહુ માને છે અને તે દરરોજ જીમમાં જવાને બદલે યોગ કરવાનું વધુ પસંદ કરે છે. અવનીએ રોપ



યોગની ભલામણ કરતા વિશ્વયોગ દિને આ ખાસ પ્રકારના દોરડા યોગ અંગે માહિતી આપી હતી.




## આજે વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી

યોગ એ પ્રાકૃતિક પદ્ધતિએ શરીરને તંદુરસ્ત રાખવાની સાથે સાથે તેની કાર્યક્ષમતા અનેકગણી વધારવાની પ્રાચીન ભારતીય સંસ્કૃતિની અણમોલ પદ્ધતિ છે. સમગ્ર વિશ્વને ભારતે આપેલ અમુલ્ય ભેટ છે. પ્રાચીન ભારતમાં યોગના બળ વડે ઋષુમુનિ-યોગીઓએ અદ્‌ભૂત ચમત્કારો સર્જી બતાવ્યા છે. ઈશ્વરે માનવ શરીરમાં અમાપ શક્તિઓ મુકી છે. આ શક્તિઓને યોગ દ્વારા જાગૃત કરી તેનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે. આજની ઝડપી અને તણાવયુક્ત જીવનશૈલીમાં યોગ માનસિક અને શારિરીક સ્થિરતા બક્ષે છે. એટલે જ તો દિવસે ને દિવસે વિશ્વભરમાં અનેક લોકો યોગના શરણે જઈ રહ્યા છે. વિશ્વયોગ દિનની ભવ્ય ઉજવણી થકી દુનિયાને ભારતીય સંસ્કૃતિની તાકાત દેખાડવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાકલને ઝીલી લેવા ગાંધીનગરની શાળાઓના બાળકો થનગની રહ્યાં છે. કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ યોગ દિવસના લોગોના આકારમાં યોગાભ્યાસ કર્યો હતો. (તસવીર : સમીર રામી)

# નાગરિકોને આપઘાત કરતાં અટકાવતી વધુ એક હેલ્પલાઈન...!

## રેન્જ આઈજીપીએ સુરતની જેમ ગાંધીનગર રેન્જમાં પણ 'જીવન આસ્થા હેલ્પલાઈન' શરુ કરવા ગતિવિધિ હાથ ધરી : આપઘાત કરવા જતી વ્યકિતને રોકી શકે તેવા કાઉન્સીલર અને સાયકોલોજીસ્ટની કરાર આધારીત ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર રેન્જમાં તત્કાલીન આઈજીપી દ્વારા આપઘાતનું પ્રમાણ ઘટાડવા તથા આપઘાત કરતી વ્યકિતને નિષ્ણાંતો દ્વારા કાઉન્સીલીંગ પુરુ પાડી આપઘાતનો વિચાર માંડી વાળવા અને તેની સમસ્યાનો ઉકેલ લાવવા 'જિંદગી હેલ્પલાઈન' શરુ કરી હતી. આ હેલ્પલાઈનનું જ હવે મરણ થઈ ગયું છે અને તેમાં સુધારા વધારા સાથેની એક નવી હેલ્પલાઈન રેન્જ આઈજીપી દ્વારા શરુ કરવા ગતિવિધિ હાથ ધરાઈ છે જે માટે જરુરી સ્ટાફની રીક્રુટમેન્ટ પણ શરુ કરી દેવામાં આવી છે.

સુરત રેન્જમાં આઈજીપી હસમુખ પટેલે જે હેલ્પલાઈન શરુ કરી હતી તે 'જીવન આસ્થા હેલ્પલાઈન' ગાંધીનગર રેન્જમાં પણ શરુ કરવા જઈ રહ્યા છે. આપઘાત કરવાનો વિચાર આવવો અને તે માટે પગલું ભરવું એ ક્ષણ પુરતું હોય છે. તે સમય દરમિયાન જીંદગીથી હારીને હતાશ થઈ ગયેલી વ્યકિતને યોગ્ય નિષ્ણાંતો દ્વારા કાઉન્સીલીંગ અને સહાય પુરી પાડવામાં આવે તો આપઘાતનો વિચાર પડતો મુકી દે છે તેવા સંખ્યાબંધ દાખલા પણ છે. તણાવગ્રસ્ત વ્યકિતને તણાવ ઠાલવવા માટે કોઈ પણ સ્વરૂપનું એક પ્લેટફોર્મ જોઈએ છે જો તે ગુસ્સો અને તણાવ વાતો દ્વારા કોઈ પણ વ્યકિત સામે કાઢી દે તો તેને આપઘાતનો વિચાર આવવાની શકયતા ઘટી જાય છે જેને ધ્યાને લઈને આવો વિચાર લાવીને આપઘાત કરવા દોડતા નાગરિકોને તણાવમુકત કરવા પ્લેટફોર્મ પુરું પાડવા અને તેને મદદરૂપ થવાના આશયથી 'જીવન આસ્થા હેલ્પલાઈન' શરુ કરવાની કવાયત શરુ કરાઈ છે. તે માટે ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે ૮ કાઉન્સીલર, ૧ સિનિ. સાયકોલોજીસ્ટ અને અવેરનેસ કાર્યક્રમો કરે તેવા એક એકસ્ટેન્શન ઓફીસરની કરાર આધારીત ભરતી કરવામાં આવી રહી છે. ભરતી પ્રક્રિયાને અંતે યોગ્ય તાલીમ બાદ આ હેલ્પલાઈન શરુ કરી દેવામાં આવશે.

# સોજા હાઈસ્કુલમાં યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે જાહેર નિદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

કલોલ તાલુકાના સોજા સ્થિત શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ દ્વારા યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે શાળાના અધ્યેતા ભાઈ-બહેનને યોગ તથા તેના વિવિધ આસનો અંગેની માહિતી પુરી પાડવાના અને યોગ પરત્વે સભાનતા કેળવવાના શુભાશયથી એક જાહેર નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના વ્યાયામ શિક્ષક સંજયભાઈ નાયક અને શાળાના ભાવેશભાઈ જોષી દ્વારા યોગનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. સરકારી કોલેજ, સે-૧૫ ગાંધીનગર ખાતે તાલીમ પ્રાપ્ત કરનાર એન.સી.સી. ના બાળકો તથા પ્રોગ્રામ ઓફિસર દ્વારા યોગની સંપૂર્ણ માહિતીથી સભર સી.ડી. 'આયુષ'નું જીવંત પ્રસારણ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

શાળાના વિજ્ઞાન-તકનીકી શિક્ષક રાકેશ પ્રજાપતિએ યોગનું જીવનમાં મહત્વ વિશે સુંદર, ઉચ્ચતર માધ્યમિક એમ તમામ શાળાના બાળકો ઉપરાંત ગામના થનગનતા યુવાનો અને વડીલો પણ




અભૂતપૂર્વ, અવિસ્મરણીય અને ઉપયોગી માહિતી પુરી પાડી હતી. ૨૧ જૂનના રોજ શાળાના વિશાળ પટાંગણમાં યોજાનાર યોગ કાર્યક્રમમાં ગામની પૂર્વ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવાના છે. 'યોગ ડે' અક્ષરોના સ્વરૂપે બાળકો સુંદર રીતે ગોઠવાયા હતા અને યોગના વિવિધ આસનો-આયાનો સંપન્ન કર્યા હતા જે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું.

## આજે જીવ કલ્યાણ સંસ્થાની બેઠક મળશે

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા આજરોજ રવિવારે સાંજે ૫.૦૦ વાગે સેક્ટર-૨૨ પંચદેવ મંદિર યજ્ઞ મંડપમાં યોજાશે. સંસ્થાના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રીએ જણાવ્યું છે.

## શિવરંજનીનો વેણીમાં સદાબહાર ફુલ કાર્યક્રમ આજે યોજાશે

ગાંધીનગર, તા.૨૦

વિશ્વ સંગીત દિવસે શિવરંજની સંસ્થા વર્ષના પ્રથમ સંગીત કાર્યક્રમથી સભ્યોને રસતરબોળ કરાવશે. ગીત, ગઝલની ફૂલછાબમાંથી ચૂંટેલા ગીતોનો કાર્યક્રમ 'વેણીમાં સદાબહાર ફુલ' યોજાશે. આજે રવિવારે રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે શ્યામલ-સૌમિલ, આરતી મુનશી, ગાર્ગી વોરા, નિરજ પાઠક, સંગીતના સૂરો રેલાવશે. શિવરંજની સંસ્થાના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. તેમજ સ્થળ ઉપર નવા સભ્યોની નોંધણી કરવામાં આવશે.



## મન મોર બની થનગાટ કરે...!!!

મોર મેઘરાજાનો છડીદાર કહેવાય છે. મેઘરાજાની સવારી આવી પહોંચે એટલે મોરલો ગેલમાં આવી ટહુકા કરવા લાગે છે. અદભુત નયનરમ્ય સુંદરતાથી સભર મોર જયારે વરસાદની રાહ જોવામાં નૃત્ય કરવા લાગે ત્યારે તે દશ્ય અલૌકિક હોય છે. ભગવાન શિવના પુત્ર કાર્તિકેયનું વાહન મોર છે. જે મુકિત અને કામ સંયમનો પ્રતિક છે. માનવી મોરના કામ સંયમના ગુણો જીવનમાં અપનાવી મુકિતનો માર્ગ મેળવી શકે તેવું ધર્મશાસ્ત્રોમાં સૂચન રહેલું છે. હાલ તો વરસાદના વધામણા કરવા થનગની રહેલો આ મોર મીઠા મીઠા ટહુકાથી વાતાવરણમાં અનોખી સંવેદના પેદા કરી રહ્યો છે. (તસવીર : નટુભાઈ ચિલોડા)

# મેયર સમક્ષ પોતાના પ્રશ્નો કે સમસ્યાની રજૂઆત શહેરીજનો સાંજે કરી શકશે

## પુષ્પો-ફુલોમાં પણ જીવ હોય છે, જેથી અનિવાર્ય સંજોગોમાં જ તેનો ઉપયોગ કરવો જોઈએ : મેયર હંસાબેન મોદી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના પ્રથમ મહિલા મેયરશ્રી હંસાબેન મોદીએ પોતાના પ્રત્યેના પ્રેમ અને લાગણીઓ બદલ શહેરીજનોનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે શહેરના પ્રથમ મહિલા મેયર બનવાનું જે અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે તે બદલ હું સૌ કોઈની આભારી છું. ૧લી મે ૨૦૧૫ના રોજ મેયર પદની જવાબદારી સ્વીકારતા હંસાબેન મોદી દ્વારા નાગરીકોની સમસ્યાના નિવારણ તથા રજુઆતો માટે મહાનગરપાલિકામાં સાંજે ૪ થી ૬નો સમય નિર્ધારિત કરાયો છે. દરમિયાન તેઓએ કુદરતની અનોખી ભેટ એવા ફુલ અને પુષ્પોનો શુભેચ્છા કે સ્વાગત માટે ઉપયોગ ન કરવા અપીલ કરતા જણાવ્યું હતું કે ફુલ છોડમાં પણ જીવ હોય છે જેથી ફુલ કે પુષ્પોનો ઉપયોગ અનિવાર્ય પ્રસંગોએ જ કરવો જોઈએ.

મેયરશ્રી હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે તા. ૧લી મે ૨૦૧૫ના રોજ ગાંધીનગર શહેરના પ્રથમ મહિલા મેયર બનવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું તે ક્ષણ હું ભુલી શકું તેમ નથી. અમદાવાદના ખાડીયા વિસ્તારમાંથી રાજકીય કારકીર્દીના પ્રારંભ બાદ હાલ જવાબદારી વધતા ફરજ પ્રત્યે વધુ સમયની આવશ્યકતા ઉદભવી છે જેથી જાહેર જનતા અને કાર્યકરો પોતાના પ્રશ્નો કે રજુઆતો માટે મેયરશ્રીને સરળતાપૂર્વક મળી શકે તે હેતુ મહાનગરપાલિકામાં સાંજે ૪ થી ૬નો સમય મુલાકાત માટે વધુ અનુકુળ અને આવકાર્ય બન્યો છે. દરમિયા મેયર પદ પર જવાબદારી સ્વિકાર્યા બાદ શુભેચ્છકો દ્વારા પત્રો, ઈમેલ, એસએમએસ, ફોન, પુષ્પો વગેરે દ્વારા મેયરશ્રીને અભિનંદન પાઠવ્યા છે જો કે આ પ્રસંગે મેયરશ્રી દ્વારા અપીલ કરતા જણાવાયું કે ફુલ-હાર કોઈને અર્પણ કરવા છતાં એક વૃક્ષ કે છોડનું વાવેતર કરવું વધુ ઉત્તમ છે તેમણે જણાવ્યું કે ફુલ અને પુષ્પમાં પણ જીવ હોય છે જેથી અનિવાર્ય સંજોગોમાં જ તેનો ઉપયોગ કરવો જોઈએ ભારતીય સંસ્કૃતિ મુજબ શુભેચ્છા કે સ્વાગત માટે તીલક આવકાર્ય છે ઉપરાંત નમસ્કાર કરી પણ પોતાની લાગણી વ્યકત કરી શકાય છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૬**
**સૂર્યાસ્ત : ૭.૨૯**

### તાપમાન

**મહત્તમ : ૩૭.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૭૨ ટકા ● સાંજે ૪૮ ટકા**

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્કીન-૧ :**
એબીસીડી - ૨ : ૬.૪૫, ૧૦.૦૦

**સ્કીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૭.૦૦, ૯.૩૦

**સ્કીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૫.૦૦
એબીસીડી - ૨ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્કીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫
હમારી અધુરી કહાની : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્કીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૧૨.૪૫, ૩.૧૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૨ડી : ૫.૩૦, ૭.૪૫

### આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

### ચિરવિદાય

- સ્વ. જીવતબેન ચતુરભાઈ નાયક (ઉ.વ.૬૫) ગામ - દશેલા, તા.જી. ગાંધીનગર
- સ્વ. સમુબેન ભીખાજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર